# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/385 Dt. 04/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ અભિયાન, ૧૨૦૦થી વધુ કામદારોની સાયકલો પર રેટ્રો રિફલેકટર લગાવાયા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ લાવવા અને ખાસ કરીને શ્રમિક વર્ગની સુરક્ષા સુનિશ્ચિત કરવા ગુરૂવાર, તા. ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે પાંડેસરા અને બમરોલી વિસ્તારમાં વિશેષ અભિયાન હાથ ધરાયું હતું. આ અભિયાન અંતર્ગત કામદારોની સાયકલો પર રેટ્રો રિફલેકટર લગાવવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ઉપક્રમે આયોજિત આ રોડ સેફટી અભિયાનનો મુખ્ય હેતુ સુરત શહેર તથા આસપાસના વિસ્તારોમાં માર્ગ અકસ્માતોને ઘટાડવા માટે જાગૃતિ ફેલાવવાનો હતો. ખાસ કરીને રાત્રિના સમયમાં સાયકલચાલકો તથા તેમની સાયકલ દેખાઇ શકે તે માટે ૧૨૦૦થી વધુ કામદારોની સાયકલો પર રેટ્રો રિફલેકટર લગાવવામાં આવ્યા હતા, જેનાથી માર્ગ અકસ્માતોની સંભાવના ઘટાડવામાં મદદ મળશે અને કામદારોની સલામતીમાં વધારો થશે. આ અભિયાન અંતર્ગત રેટ્રો રિફલેકટર લગાવવાના મહત્વ અંગે કામદારોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીની ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલા તથા કમિટીના સભ્યો સુશ્રી અચનાબેન દેસાઈ, શ્રી મુકેશ પટેલ, શ્રી ગણેશ સોલંકી, શ્રી અશોક ડુમસવાલા અને શ્રી કૃષ્ણકાંત ખરવર સક્રિય રીતે જોડાયા હતા. પાંડેસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર અને પોલીસ સબ ઇન્સ્પેકટર સહિત સ્થાનિક પોલીસ વિભાગનો પણ મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.